
P.07

રશ્મિકા મંડન્ના અને વિજય દેવેરાકોંડાએ ગુપ્ત રીતે સગાઈ કરી



ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૬૪ । વિક્રમ સંવત ૨૦૮૧ : આસો સુદ ૧૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 64 • Dt.05-10-2025 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07

કંગના રનૌતે પોતાની સુંદરતાથી રેમ્પ પર ધૂમ મચાવી દીધી



યુક્રેનમાં રશિયાના આડેધડ હુમલા । સૈન્ય ઠેકાણા અને ગેસ પ્લાન્ટ પર ડ્રોન-મિસાઇલથી પ્રહાર

07



05 OCTOBER- 2025 SUNDAY



07

નોબેલ પુરસ્કાર વિજેતાઓની જાહેરાત આવતા અઠવાડિયે થશે, અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પનું શું થશે?




The Demand for Cyber Security Professionals at All-Time high across the world.
Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD
www.cyberoctet.com
Cyber Octet™
Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance
+91 74053 21234

**શહેરમાં જીએસટી વિભાગના દરોડા**

**અમદાવાદની ખાસ જીએસટી ટીમોએ પણ આ ઓપરેશનમાં ભાગ લીધો હતો અને અનેક સ્થળોએ સઘન તપાસ શરૂ કરી**

# જામનગરમાં ૧૦૦ કરોડ રૂપિયાથી વધુનું કૌભાંડ બહાર આવવાની શક્યતા

**જામનગર સ્થિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અલ્પેશ પેઢડિયા અનેક કંપનીઓમાં બેનામી એકાઉન્ટ્સ ચલાવી રહ્યા હોવાની બાતમીના આધારે જીએસટી વિભાગે આ મોટું ઓપરેશન શરૂ કર્યું હતું**

। પ્રતિનિધિ, જામનગર, તા,૪ ।

જીએસટી વિભાગે જામનગરમાં એક મોટું અને આશ્ચર્યજનક ઓપરેશન શરૂ કર્યું છે, જેમાં એક સાથે શહેરની અંદાજે ૨૫ કંપનીઓ પર દરોડા પાડવામાં આવ્યા છે. અમદાવાદની ખાસ જીએસટી ટીમોએ પણ આ ઓપરેશનમાં ભાગ લીધો હતો અને અનેક સ્થળોએ સઘન તપાસ શરૂ કરી છે.માહિતી અનુસાર,આ ઓપરેશનનો મુખ્ય ઉદ્દેશ્ય બેનામી એકાઉન્ટ્સ અને શેલ કંપનીઓ દ્વારા આચરવામાં આવતી નાણાકીય ગેરરીતિઓનો પર્દાફાશ કરવાનો છે, જેમાં ૧૦૦ કરોડથી વધુનું કૌભાંડ બહાર આવવાની સંભાવના છે.જામનગર સ્થિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અલ્પેશ પેઢડિયા અનેક કંપનીઓમાં બેનામી એકાઉન્ટ્સ ચલાવી રહ્યા હોવાની બાતમીના આધારે જીએસટી વિભાગે આ મોટું ઓપરેશન શરૂ કર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઓપરેશનનું કેન્દ્ર બ્રહ્મા એસોસિએટ્સ નામની કંપની હતી, જેની પણ તપાસ કરવામાં આવી છે. રસપ્રદ વાત એ છે કે તપાસ શરૂ થતાં જ કંપનીના મેનેજર ઓફિસને તાળું મારીને ભાગી ગયા હતા. જીએસટી ટીમોએ વિવિધ કંપનીઓના દસ્તાવેજો, કમ્પ્યુટર ડેટા અને નાણાકીય વ્યવહારોની વિગતોની વિગતવાર તપાસ શરૂ કરી છે.આ તપાસ દરમિયાન, એવી શંકા વ્યક્ત કરવામાં આવી છે કે ઘણી કંપનીઓ નકલી ઈન્વોઈસ અને છેતરપિંડીવાળા ઈનપુટ ટેક્સ ક્રેડિટ દાવાઓ દ્વારા કરચોરી કરી રહી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે કેટલીક કંપનીઓના માલિકોની જાણ વગર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ દ્વારા ગેરકાયદેસર વ્યવહારો કરવામાં આવ્યા હતા.

**ઓપરેશનનો મુખ્ય ઉદ્દેશ્ય બેનામી એકાઉન્ટ્સ અને શેલ કંપનીઓ દ્વારા આચરવામાં આવતી નાણાકીય ગેરરીતિઓનો પર્દાફાશ કરવાનો છે**





આ તપાસના અંતે, ૧૦૦ કરોડથી વધુના નાણાકીય કૌભાંડનો પર્દાફાશ થવાની શક્યતા છે. જીએસટી વિભાગની ટીમો હાલમાં દસ્તાવેજોની ચકાસણી, ડિજિટલ ડેટાનું વિશ્લેષણ અને બેંક વ્યવહારોની તપાસ કરવામાં વ્યસ્ત છે. આ કામગીરી આગામી પાંચ દિવસ સુધી ચાલુ રહેવાની અપેક્ષા છે, જે દરમિયાન વધુ ચોંકાવનારા ખુલાસા બહાર આવી શકે છે. અધિકારીઓ માને છે કે આ કેસમાં કેટલીક નકલી કંપનીઓ સામેલ હોઈ શકે છે, જે નકલી ઇન્વોઇસ દ્વારા જીએસટી નિયમોનું ઉલ્લંઘન કરે છે. આ કંપનીઓ પાછળના મુખ્ય લોકો પર પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## ન્યૂઝ બ્રિફ

### ભરૂચ : શેરડીના ખેતરમાંથી રૂ.૪.૮૧ લાખના દારૂ-બિયરના જથ્થા સાથે એક ઝડપાયો

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૪ ।

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે દોલતપુર ગામની સીમમાં દરોડો પાડી એક ઓરડીમાં સંતાડેલ વિદેશી દારૂના જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડી કુલ રૂ.૪.૮૧ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. વાલીયા તાલુકાના નવાનગર ગામે રહેતો અને અગાઉ પ્રોહીબિશનના ગુનામાં ઝડપાયેલ વાસુદેવ જશુભાઈ વસાવાએ દોલતપુર ગામની સીમમાં દોલતપુર વગામાં શેરડીના ખેતરની ઓરડીમાં દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હોવાની માહિતી પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે બાતમી મુજબના સ્થળે દરોડો પાડી ૧૫૮૪ નંગ મળી કુલ રૂ.૪,૮૧,૨૦૦ની કિંમતના દારૂ-બિયરના જથ્થા સાથે વાસુદેવ વસાવાને ઝડપી પાડી દારૂનો જથ્થો આપનાર રાહુલ ઉકારામ માળી (રહે-સુરત)ને વોન્ટેડ જાહેર કર્યો હતો. ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે દોલતપુર ગામની સીમમાં દરોડો પાડી એક ઓરડીમાં સંતાડેલ વિદેશી દારૂના જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડી કુલ રૂ.૪.૮૧ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

**દ્વારકા પર વાવાઝોડાનો ખતરો મંડરાયો**

# પાંચ ઓક્ટોબર સુધીમાં ઉત્તર અને મધ્ય અરબી સમુદ્રના મધ્ય ભાગો સુધી પહોંચવાની શક્યતા

**વિદેશમાં જતાં હોય એ વહાણોને સલાયા બંદર છોડીને જો ભારતના કોઈ બંદરે જવું હોય કે વિદેશના બંદરે જવું હોય તો ઈમિગ્રેશન પ્રોસેસ કરવી પડે છે**

। પ્રતિનિધિ, દ્વારકા, તા.૪ ।

હવામાન વિભાગની આગાહીના પગલે દેવભૂમિ દ્વારકા પર 'શક્તિ' વાવાઝોડાનો ખતરો મંડરાયો છે. વાવાઝોડું દ્વારકાથી ૨૪૦ કિલોમીટર દૂર અરબી સમુદ્રમાં છે. પ્રતિ કલાક ૧૨ કિમીની ગતિએ શક્તિ વાવાઝોડું આગળ વધી રહ્યું છે. સમુદ્રમાં ભારે કરંટ અને દરિયા કિનારે ઊંચા મોજાં ઉછાળ્યા છે. ગાંધીનગર ફિશરીઝ વિભાગે માછીમારો ને દરિયો ન ખેડવા તત્કાલ કડક સૂચના આપી. વાવાઝોડાને લઈ તંત્ર દ્વારા આગમચેતીના પગલાં લેવામાં આવ્યા છે. દરિયા કિનારે વસતા લોકોને સાવચેત કરવામાં આવ્યા છે. તો જરૂર જણાશે તો સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર પણ કરવામાં આવશે. શક્તિ વાવાઝોડું સિવિયર સાયક્લોનિક સ્ટોર્મમાં ફેરવાની શક્યતાથી એલર્ટ આપી દેવાયું છે. દ્વારકાથી ૨૬૦ કિમી દૂર શક્તિ વાવાઝોડું અરબ સાગરમાં ગોળ ગોળ ચકરાવા લઈ રહ્યું છે. દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રના દરિયાકિનારે ૬૫થી ૭૫ કિમીની ગતિએ પવન ફૂંકાવવાની શક્યતા છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા હવામાનમાં અચાનક પલટો આવતા અને 'શક્તિ' નામના સંભવિત વાવાઝોડાની આગાહીને ધ્યાનમાં રાખીને, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા અને સલાયા બંદર પર ૩ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. 'શક્તિ' નામનું વાવાઝોડું હાલમાં દ્વારકાથી ૨૪૦ કિમી દૂર અરબી સમુદ્રમાં છે અને તે પ્રતિ કલાક ૧૨ કિમીની ગતિએ આગળ વધી રહ્યું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧૨૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.દ્વારકાના અરબી સમુદ્રમાં ભારે પવન સાથે મોજાં ઊંચા ઉછળી રહ્યા છે અને દરિયામાં પ્રબળ કરંટ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર ફિશરીઝ ડિપાર્ટમેન્ટ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ માછીમાર ભાઈઓને આગામી ૬ ઓક્ટોબર સુધી દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. માછીમારોને તાત્કાલિક પોતાની બોટ સુરક્ષિત કિનારે લાંગરી દેવા અને જે માછીમારો હાલમાં દરિયામાં છે, તેમને નજીકના કિનારે પહોંચી જવા સૂચના અપાઈ છે.ઉત્તરપૂર્વ અરબી સમુદ્રમાં ચક્રવાતી તોફાન "શક્તિ" ઝડપભેર આગળ વધી રહ્યું છે.

## કચ્છની ખાનગી કંપનીની ટાંકી પરથી પટકાતા બે શ્રમિકના ઘટનાસ્થળે જ મોત



। પ્રતિનિધિ, કચ્છ, તા.૪ ।

કચ્છના ગાંધીધામ નજીક આવેલા પડાણા વિસ્તારમાં આવેલી રુદ્રાક્ષ કેમિકલ કંપનીમાં શનિવારે (ચોથી ઓક્ટોબર) એક મોટી દુર્ઘટના બની છે. કંપનીમાં કામ કરતા બે શ્રમિકો ટેન્ક પર વેલ્ડિંગની કામગીરી દરમિયાન નીચે પટકાતા તેમના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા.મળતી માહિતી પ્રમાણે ૨૮ વર્ષીય ચંદન દિલીપ દાસ અને ૩૦ વર્ષીય પ્રણબ ડીંડા નામના બંને શ્રમિકો કંપનીમાં આવેલી પાણીની ટાંકી પર વેલ્ડિંગનું કામ કરવા ચઢ્યા હતા. ટાંકીની આસપાસ પાણી ઢોળાયેલું હોવાથી બંનેના પગ લપસ્યો હતો અને અંદાજે ૩૦ નીચે પટકાયા હતા, જેથી તેમનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ ઘટનાથી કંપનીના અન્ય કર્મચારીઓ અને સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

**અહીંના વેપારીઓ અને પર્યટકોને મોટો લાભ થશે**

## કચ્છ-મુંબઈ વચ્ચેની કનેક્ટિવિટીમાં વધારો, ૨૬ ઓક્ટોબરથી સીધી વિમાન સેવા શરૂ થશે

**એર ઇન્ડિયા દ્વારા કચ્છ અને મુંબઈ વચ્ચે હવાઈ મુસાફરી કરતા લોકો માટે એક સારા સમાચાર જાહેર કરવામાં આવ્યા**



। પ્રતિનિધિ, કચ્છ, તા.૪ ।

એર ઈન્ડિયા દ્વારા કચ્છ અને મુંબઈ વચ્ચે હવાઈ મુસાફરી કરતા લોકો માટે એક સારા સમાચાર જાહેર કરવામાં આવ્યા છે. આગામી ૨૬ ઑક્ટોબરથી ભુજ અને મુંબઈ વચ્ચે નવી દૈનિક નોન-સ્ટોપ ફ્લાઈટ સેવા શરુ કરવામાં આવશે, જે મુસાફરોને તહેવારોની સિઝનમાં મોટી રાહત આપશે. કચ્છને દેશના આર્થિક પાટનગર મુંબઈ સાથે જોડતી આ સીધી વિમાન સેવા શરુ થવાથી અહીંના વેપારીઓ અને પ ર્યટકોને મોટો લાભ થશે.આ નવી દૈનિક સેવાને કારણે ભુજ અને મુંબઈ વચ્ચેનો મુસાફરીનો સમય માત્ર ૧ કલાક અને ૨૫થી ૩૦ મિનિટનો રહેશે, જે સમય અને શક્તિ બંનેની બચત કરશે. તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખીને આ ફ્લાઈટની જાહેરાત કરવામાં આવી છે, જેનાથી મુસાફરોની અવરજવર સરળ બનશે અને કચ્છ-મુંબઈ કનેક્ટિવિટી વધુ મજબૂત થશે.એર ઈન્ડિયાની આ નવી સીધી ફ્લાઈટ શરુ થવાથી કચ્છ-મુંબઈ વચ્ચેની એર કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો થશે. આનાથી કચ્છના વેપારીઓ, નોકરીયાતો અને પ્રવાસીઓને મોટો લાભ થશે, જેમને વારંવાર બંને શહેરો વચ્ચે અવરજવર કરવાની જરૂર પડે છે. આ નવી સુવિધા તહેવારોની સિઝન દરમિયાન મુસાફરીને વધુ સરળ અને સમયની બચત કરનારી બનાવશે.

એર ઈન્ડિયા દ્વારા કચ્છ અને મુંબઈ વચ્ચે હવાઈ મુસાફરી કરતા લોકો માટે એક સારા સમાચાર જાહેર કરવામાં આવ્યા છે. આગામી ૨૬ ઑક્ટોબરથી ભુજ અને મુંબઈ વચ્ચે નવી દૈનિક નોન-સ્ટોપ ફ્લાઈટ સેવા શરુ કરવામાં આવશે, જે મુસાફરોને તહેવારોની સિઝનમાં મોટી રાહત આપશે.

**ઇતિહાસમાં પ્રથમ વખત ટીમ ચેમ્પિયન બની** | **વડોદરા ગર્લ્સની ટીમે દેશ-વિદેશની અનેક ટીમોને માત આપી ચેમ્પિયન ટ્રોફી હાંસિલ કરી વડોદરા સહિત સમગ્ર રાજ્યનું ગૌરવ વધાર્યું**

# રાષ્ટ્રીય કબડ્ડી ચેમ્પિયનશિપમાં વડોદરાની દીકરીઓએ મેદાન માર્યું

। પ્રતિનિધિ, વડોદરા, તા.૪ ।

રાષ્ટ્રીય કબડ્ડી ચેમ્પિયનશિપમાં ગુજરાતમાંથી વડોદરા ગર્લ્સની ટીમે દેશ-વિદેશની અનેક ટીમોને માત આપી ચેમ્પિયન ટ્રોફી હાંસિલ કરી વડોદરા સહિત સમગ્ર રાજ્યનું ગૌરવ વધાર્યું છે. સીબીએસઈ ઓલ ઈન્ડિયા નેશનલ કબડ્ડી ચેમ્પિયનશિપ-૨૦૨૫નું આયોજન હિમાચલ પ્રદેશ ખાતે કરાયું હતું. આ ચેમ્પિયનશિપમાં વિવિધ દેશના અલગ અલગ રાજ્યોની ટીમો સાથે દુબઈની ટીમે પણ ઝંપલાવ્યું હતું. આ ચેમ્પિયનશિપમાં પ્રથમવાર વડોદરાની અંડર ૧૯ વિમેન્સ કેટેગરીમાં સીબીએસઈ નેશનલ ગોલ્ડ મેડલ મેળવી વડોદરા અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.આ ચેમ્પિયનશિપમાં જયપુર બીજા તથા બંગલુરુ અને હરિદ્વારની ટીમે ત્રીજા ક્રમાંકે સ્થાન મેળવ્યું હતું. ઈતિહાસમાં પ્રથમ વખત ટીમ ચેમ્પિયન બની ડાયરેક્ટ એસજીએફઆઈ નેશનલ ક્વોલીફાઈડ થઈ હતી. રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા, હરિયાણા, દુબઈ સહિતની ટીમોને વડોદરાની દીકરીઓએ માત આપી હતી.





### રૂ. ૧.૨૦ કરોડનું ૯૦૦૦ કિલોથી વધુ ડુપ્લીકેટ ઘી જપ્ત

## સાવધાન! સુરતના અમરોલીમાં ડુપ્લીકેટ ઘીની ૩ ફેક્ટરી ઝડપાઈ

**આરોપીઓ આર્થિક ફાયદા માટે આ ભેળસેળયુક્ત ડુપ્લીકેટ ઘી સ્લમ વિસ્તારની કિરાણાની દુકાનો પર અને આજુબાજુના જિલ્લાઓમાં બજારભાવ કરતાં સસ્તા દરે છૂટક વેચાણ કરતા હતા**

| પ્રતિનિધિ, સુરત, તા.૪ |

આગામી દિવાળીના તહેવાર પહેલા જ સુરતના અમરોલી-કોસાડ વિસ્તારમાંથી નકલી ઘી બનાવતી ત્રણ ફેક્ટરીઓ ઝડપાઈ છે. ફેક્ટરીમાં બ્રાન્ડેડ ઘીની આડમાં નકલી ઘી બનાવવા અને વેચવાના કૌભાંડનો ઘટસ્ફોટ થયો છે. સુરત જીઆ્ની ટીમે ચોક્કસ બાતમીના આધારે આ સફળ ઓપરેશન પાર પાડ્યું હતું. જેમાં રૂ. ૧.૨૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી ૪ આરોપીઓની ધરપકડ કરી છે. દરોડા દરમિયાન પોલીસે રૂપિયા ૬૭,૦૦,૫૫૦ની કિંમતનું ૯,૯૧૯ કિલોગ્રામ નકલી ઘી જપ્ત કર્યું છે. આ સાથે ઘી બનાવવા માટેના મશીનરી અને રો મટિરિયલ પણ કબજે કર્યું છે, જેની અંદાજિત કિંમત રૂ. ૫૩,૫૫,૯૫૦ જેટલી થાય છે. આમ કુલ મળીને પોલીસે રૂ. ૧,૨૦,૫૬,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પોલીસે કરેલી પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું કે, આરોપીઓ આર્થિક ફાયદા માટે આ ભેળસેળયુક્ત ડુપ્લીકેટ ઘી સ્લમ વિસ્તારની કિરાણાની દુકાનો પર અને આજુબાજુના જિલ્લાઓમાં બજારભાવ કરતાં સસ્તા દરે છૂટક વેચાણ કરતા હતા. આરોપીઓ ભેળસેળયુક્ત નકલી ઘી કેટલા સમયથી બનાવતા હતા અને અત્યાર સુધી કોને-કોને વેચવામાં આવતું હતું, કોણ તેના ખરીદારો હતા તે દિશામાં પોલીસે તપાસનો



ધમધમાટ શરૂ કર્યો છે.ચોંકાવનારી વાત તો એ છે કે, અમરોલી પોલીસ સ્ટેશનની હદમાં આ નકલી ઘીનો કારોબાર ધમધમતો હતો છતાં તેને આ વાતની જાણ કેમ નહોતી? કે પછી ખુદ પોલીસે આંખ આડા કાન કર્યા હતા તે સવાલ ચર્ચાઈ રહ્યો છે. જો જીઆ્ બાતમીના આધારે આવી મોટી કાર્યવાહી કરી શકતી હોય તો પછી સ્થાનિક પોલીસ કેમ ન કરી શકે?આરોપીઓ વિરુદ્ધ અમરોલી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે દિવાળીના તહેવારમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા થતા અટકાવવા માટે આ મહત્ત્વપૂર્ણ પગલું ભર્યુ છે.

| ઝડપાયેલા મુખ્ય આરોપીઓ: |
|---|
| જયેશકુમાર મહેસુરીયા |
| અંકીતભાઈ પંચીવાલા |
| સુમીતકુમાર મૈસુરીયા |
| દિનેશકુમાર ગેહલોત |

## વડોદરા : ધાર્મિક લાગણી દુભાવતા લાઇવ વિડિયો અપલોડ કરનાર સામે ગુનો દાખલ

| પ્રતિનિધિ, વડોદરા, તા.૪ |

વડોદરાના ખોડીયાર નગર ડી માર્ટની પાછળ મણિનગરમાં રહેતા નિલેશ નાનજીભાઈ જીતિયાએ પોતાની યુ ટ્યુબ ચેનલ પર ધાર્મિક લાગણીઓને આઘાત પહોંચે તે રીતના વિડીયો અપલોડ કર્યા હતા. તેમજ હિન્દુ ગ્રંથોના વિશે પણ અપમાન કરતા લાઈવ વિડીયો અપલોડ કર્યા હતા. જે વિડિયો અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સલડી ગામે રહેતા કરણભાઈ શાંતિભાઈ સોલંકી, નાગદાનભાઈ આયર, કરુણાદશ નિર્મળદાસ તથા હકુભા દરબારના ધ્યાને આવતા તેઓએ આ વીડિયોનો વિરોધ કર્યો હતો. આરોપીએ તેઓને તથા તેમના પરિવારને પણ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## દાહોદ : પરિણીતાએ બે પુત્રો સાથે ટ્રેન નીચે ઝંપ લાવી આપઘાત કર્યો,

| પ્રતિનિધિ, દાહોદ, તા.૪ |

દાહોદના લીમખેડામાં પરિણીતાએ બે પુત્રો સાથે આપઘાત કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પતિ, સાસુ-સસરાના શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને મહિલાએ રેલવે ટ્રેક પર ઝંપલાવ્યું હોવાનો પિયર પક્ષે આક્ષેપ કર્યો છે. આ દુર્ઘટનામાં માતા અને બંને બાળકોના કરૂણ મોત નીપજયા છે.મળતી માહિતી મુજબ, લીમખેડામાં મહિલાએ તેના પાંચ અને ત્રણ વર્ષના બે બાળકો સાથે ટ્રેન આગળ ઝંપલાવીને જીવન ટૂકાવ્યું. સમગ્ર ઘટનાને લઈને રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચીને ત્રણેય મૃતકોને પીએમ અર્થે હોસ્પિટલ મોકલ્યા હતા. દીકરીના આપઘાત મામલે પિયર પક્ષ દ્વારા આક્ષેપ કર્યો છે કે, 'અમારી દીકરીને છેલ્લા ૧૦ વર્ષથી સાસરિયા દ્વારા માનસિક-શારીરિક ત્રાસ ગુજારવામાં આવતો હતો.'

## જૂનાગઢના ગિરનાર પર્વત પરની રોપ-વે સેવા આગામી ત્રણ દિવસ માટે બંધ રહેશે

| પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૪ |

જૂનાગઢના જાણીતા તીર્થધામ અને પ્રવાસન સ્થળ ગિરનાર પર્વત પર આગામી અઠવાડિયામાં ત્રણ દિવસ માટે રોપ-વેની સેવા બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રોજ હજારો ભક્તોની ભીડ રહે છે ત્યારે, મેન્ટેનન્સની કામગીરીને કારણે આ નિર્ણય લેવાયો છે.

ગિરનાર રોપ-વેના મેન્ટેનન્સ(જાળવણી)ની કામગીરીને લીધે સાતમી, આઠમી અને નવમી ઑક્ટોબર એમ ત્રણ દિવસ માટે રોપ-વે સેવા સંપૂર્ણપણે બંધ રહેશે.

આ કામગીરી પૂર્ણ થયા બાદ ૧૦મી ઑક્ટોબરથી પ્રવાસીઓ માટે રોપવે સેવા ફરી કાર્યરત કરવામાં આવશે. આ ત્રણ દિવસ દરમિયાન પ્રવાસીઓ તેમજ સ્થાનિક લોકો રોપવેની સુવિધાનો લાભ લઈ શકશે નહીં.ગિરનાર રોપવે શરુ થયા પછી પ્રવાસીઓ માટે પર્વત પર પહોંચવું વધુ સરળ બન્યું છે. ખાસ કરીને સાસણ ગિર અને સત્તાધાર ફરવા આવતા લોકો પણ રોપવે દ્વારા ગિરનાર પર્વત જાય છે. જો કે, આ ત્રણ દિવસ રોપવે બંધ રહેતા મા અંબા અને ભગવાન દત્તાત્રેય તેમજ જૈન દેરાસરના દર્શન કરવા આવતાં લોકોને નિરાશાનો સામનો કરવો પડશે. ભક્તોએ પર્વત પર આવેલા આસ્થા અને વિશ્વાસના કેન્દ્ર સમા મંદિરોમાં દર્શન કરવા માટે સીડીઓ ચઢીને જવું પડશે.

### તમામ વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી શરૂ કરી

## ગુજરાતમાં નવરાત્રીમાં જુનાગઢ પોલીસની ટીમે વિવિધ ગુનામાં ૧૦૦૦થી વધુ ઇસમો પકડ્યા

| પ્રતિનિધિ, જુનાગઢ,તા.૪ |

નવરાત્રીના નવ દિવસો દરમ્યાન જુનાગઢ પોલીસે અલગ અલગ ગુનામાં ૧૦૦૦ કરતાં વધારે ઈસમોને પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી કરી છે. નવરાત્રિના સમયમાં ખાસ કામે લગાડવામાં આવેલી શી ટીમ દ્વારા ડ્રિંક એન્ડ ડ્રાઈવ, હથિયાર રાખવા, ટ્રાફિક અડચણ સહિત બીજા કેટલાક ગુનાઓમાં કુલ ૧૦૦૫ જેટલા વ્યક્તિઓ વાહનચાલકો અને અપરાધીઓ વિરુદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી.નવરાત્રીના દિવસોમાં ગુનેગારો અને આવારાતત્વો અને અસામાજીક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા ઈશમોને પકડી પાડવા માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રીના દિવસો દરમિયાન ખાસ શી ટીમની રચના




કરીને ગરબે રમવા માટે આવતા ખેલૈયાઓ અને ખાસ કરીને મહિલા ખેલૈયાઓ પ્રત્યે સુરક્ષાનો ભાવ ઉભો થાય તે માટે જુનાગઢ પોલીસે નવ દિવસો દરમિયાન વિશેષ કાર્યવાહી કરી હતી. જુનાગઢ પોલીસ દ્વારા ઉભી કરવામાં આવેલી શી ટીમમાં મહિલા અને પુરુષ પોલીસ કર્મચારીઓ ખાસ ખેલૈયાના પરિધાનમાં જુનાગઢ શહેર અને આસપાસના વિસ્તારોમાં આયોજિત ગરબા પંડાલોમાં હાજર રહીને અસામાજીક તત્વોને પકડી પાડવા માટેનું અભિયાન શરૂ કર્યું હતું. જેમાં નવ દિવસો દરમિયાન કુલ ૧૦૦૫ જેટલા ઈશમોને પોલીસે પકડી પાડીને તમામ વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.જુનાગઢ પોલીસ દ્વારા નવરાત્રીના સમય દરમિયાન ૨૨ સપ્ટેમ્બરથી ૦૨ ઓક્ટોબર સુધી વિશેષ ડ્રાઈવ શરૂ કરી હતી. જેમાં દારૂ પીનાર ૨૨૪ વ્યક્તિઓ, ભયજનક રીતે વાહન ચલાવનાર ૬૦ વાહન ચાલકો, ડ્રિંક એન્ડ ડ્રાઈવ કરનાર ૮૦ વાહન ચાલકો તેમજ ૩૦ જેટલા ઈસમો પાસેથી હથિયાર જુનાગઢ પોલીસને પ્રાપ્ત થયા છે. ૧૪૮ જેટલા વાહનચાલકો સામે ભયજનક અને ખરાબ રીતે વાહન ચલાવવાની સાથે ટ્રાફિક નિયમોનો ભંગ કરવા બદલ ૪૬૩ જેટલા વાહન ચાલકોને સ્થળ ઉપર દંડ કરીને નવરાત્રિના નવ દિવસો દરમિયાન કુલ ૧૦૦૫ જેટલા વ્યક્તિ અપરાધી અને ઈસમો સામે ધોરણસરની કાર્યવાહી કરી હતી.

## અમદાવાદ ટેસ્ટમાં ભારતની મોટી જીત, વેસ્ટ ઈન્ડિઝ ત્રણ દિવસમાં જ ઘૂંટણીયે

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ |

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણીની પહેલી મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. ભારતીય ટીમે એક ઈનિંગ્સ અને ૧૪૦ રનથી જીત મેળવી હતી. આ મેચમાં ભારત માટે રવિન્દ્ર જાડેજાએ ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું. તેણે બીજી ઈનિંગમાં સદી ફટકારી અને ચાર વિકેટ પણ લીધી. આ મેચમાં ભારતીય ટીમે ૫ વિકેટે ૪૪૮ રન બનાવીને પોતાનો પહેલો દાવ ડિક્લેર જાહેર કર્યો હતો. ભારતીય ટીમે પોતાની પહેલી ઈનિંગ્સના આધારે ૨૮૬ રનની લીડ મેળવી હતી. આ દરમિયાન વેસ્ટ ઈન્ડિઝની ટીમ પોતાની પહેલી ઈનિંગ્સમાં ૧૬૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. તો બીજી ઈનિંગમાં પણ ૧૪૬ રનમાં જ સમેટાઈ ગઈ હતી. શુભમન ગિલની આગેવાની હેઠળની ટીમ ઇન્ડિયાએ બે મેચની ટેસ્ટ શ્રેણીની પહેલી મેચમાં વેસ્ટ ઇન્ડીઝને એક ઈનિંગ્સ અને ૧૪૦ રનથી હરાવ્યું. આ જીત સાથે ટીમ ઇન્ડિયાએ ૧-૦ની લીડ મેળવી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેનાર વેસ્ટ ઇન્ડીઝ બે સેશનમાં ફક્ત ૧૬૨ રનમાં ઓલઆઉટ થઈ ગયું. મોહમ્મદ સિરાજે ચાર વિકેટ અને જસપ્રીત બુમરાહે ત્રણ વિકેટ લીધી.

## રાજકોટમાં રોડ ક્રોસ કરી રહેલા ભાઈ-બહેન પર ડમ્પર ફરી વળ્યું

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૪ |

કથિત નશામાં ધુત ટ્રક ચાલક દ્વારા શુક્રવારના રોજ રોડ ક્રોસ કરી રહેલા બે કૌટુંબિક ભાઈ બહેન સહિત કાર, ટ્રક તેમજ ટુ વ્હીલર સહિતના ચાલકોને અડફેટે લીધા હોવાનું સામે આવ્યું છે. શુક્રવારે રાત્રિના ૮ વાગ્યાના અરસામાં ભિક્ષાવૃત્તિ સાથે સંકળાયેલ ૧૫ વર્ષીય વિજય વાઘેલાનુ રોડ અકસ્માતમાં મૃત્યુ નિપજાવ્યું હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર ઘટના રાજકોટ મોરબી હાઈવે પર જકાતનાકા નજીક આવેલ પેટ્રોલ પંપ પાસે બની હોવાનું સામે આવ્યુ છે. મળતી વિગત અનુસાર વિજય વાઘેલા પોતાની કૌટુંબિક બહેન કુંજલ વાઘેલા સાથે રોડ ક્રોસ કરી રહ્યો હતો. તે દરમિયાન બંને કૌટુંબિક ભાઈ બહેન ડિવાઈડર પર ઉભા હતા. ત્યારે માતેલા સાંઢ માફક ટ્રક ચાલકે બંને ભાઈ બહેનને અડફેટે લીધા હતા. જે ઘટનામાં વિજય વાઘેલાનું ઘટના સ્થળ પર જ મૃત્યુ થયું હતું. જ્યારે કે કુંજલ વાઘેલાને સામાન્ય ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું છે. અકસ્માત સર્જી મોત નીપજાવનાર ટ્રક ચાલક રાજેશનાથ બાવાને પણ ગંભીર ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું છે. તેમજ સમગ્ર મામલે હાલ તેની રાજકોટ શહેરના સિવિલ હોસ્પિટલ ખાતે ઈમર્જન્સી વોર્ડમાં સારવાર ચાલી રહી હોવાનું સામે આવ્યું છે.ભાઈ બહેનને અડફેટે લીધા બાદ ટ્રક ચાલક રોંગ સાઈડમાં અંદાજિત દોઢથી બે કિલોમીટર બેડી ચોકડી ખાતે પહોંચ્યો હતો.



જગદીશ વિશ્વકર્મા આજે ગાંધીનગરમાં મધર ડેરી ખાતે રેલીના રૂપમાં પહોંચ્યા હતા

# રાજ્યમાં ભાજપના નવા પ્રદેશ પ્રમુખનું શક્તિ પ્રદર્શન મોટી સંખ્યામાં નેતાઓ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં

**કાર્યકરોએ પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો અને વાતાવરણ "ભારત માતા કી જય" અને "ભાજપ ઝિંદાબાદ" ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું**





। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૪ ।

નવનિયુક્ત ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું ગાંધીનગરમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. મધર ડેરી ખાતે યોજાયેલા એક વિશાળ કાર્યક્રમમાં હજારો ભાજપના કાર્યકરો અને નેતાઓએ હાજરી આપી હતી, વિશ્વકર્માનું ઉષ્માભર્યું સ્વાગત અને અભિવાદન કર્યું હતું.

જગદીશ વિશ્વકર્મા આજે ગાંધીનગરમાં મધર ડેરી ખાતે રેલીના રૂપમાં પહોંચ્યા હતા. મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને નેતાઓએ રેલીમાં ભાગ લીધો હતો. રેલી દરમિયાન, ભગવા ધ્વજ, બેનરો અને ફૂલોના માળાથી શણગારેલા વાહનોનો કાફલો શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થયો હતો, જે ભાજપની એકતા અને ઉત્સાહનું પ્રતીક છે. કાર્યકરોએ પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો અને વાતાવરણ "ભારત માતા કી જય" અને "ભાજપ ઝિંદાબાદ" ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

મધર ડેરી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પ રંપરાગત ઢોલ અને ફટાકડા સાથે જગદીશ વિશ્વકર્માનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યકરોએ માળા અને શાલથી તેમનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાજપના પ્રદેશ નેતાઓ, ધારાસભ્યો અને સ્થાનિક કાર્યકરો હાજર રહ્યા હતા. સ્થાનિક રહેવાસીઓએ પણ ભાગ લીધો હતો અને પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

જગદીશ વિશ્વકર્માને ગુજરાત ભાજપ ના અનુભવી અને સમર્પિત નેતા તરીકે ઓળખવામાં આવે છે. તેમની નિમણૂકને ભાજપના આંતરિક સંગઠનને વધુ મજબૂત બનાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ભાજપની હાજરી વધારવા અને આગામી ચૂંટણીઓમાં પાર્ટીની સફળતા માટે તેમની નિમણૂક મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ પ્રસંગે પ ોતાના સંબોધનમાં, વિશ્વકર્માએ કાર્યકરોને એક થવા અને પાર્ટીના લક્ષ્યોને પ્રાપ્ત કરવા અને ગુજરાતના વિકાસમાં યોગદાન આપવા અપીલ કરી.

આ કાર્યક્રમ ભાજપના શક્તિ પ્રદર્શન માટે એક મહત્વપૂર્ણ માધ્યમ તરીકે સેવા આપી હતી. મધર ડેરી ખાતે હાજર હજારો કાર્યકરોએ તેમની એકતા અને સમર્પણ દર્શાવ્યું હતું.

ભગવા, ભાજપના ધ્વજ અને સૂત્રોચ્ચારથી ભરેલા વાતાવરણે ગાંધીનગરમાં રાજકીય વાતાવરણને વધુ ગરમાવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા, ભાજપે રાજ્યમાં તેની મજબૂત સ્થિતિ અને લોકપ્રિયતા વ્યક્ત કરી. નવનિયુક્ત ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું ગાંધીનગરમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. મધર ડેરી ખાતે યોજાયેલા એક વિશાળ કાર્યક્રમમાં હજારો ભાજપના કાર્યકરો અને નેતાઓએ હાજરી આપી હતી, વિશ્વકર્માનું ઉષ્માભર્યું સ્વાગત અને અભિવાદન કર્યું હતું.જગદીશ વિશ્વકર્મા આજે ગાંધીનગરમાં મધર ડેરી ખાતે રેલીના રૂપમાં પહોંચ્યા હતા. મોટી સંખ્યામાં ભાજપ ના કાર્યકરો અને નેતાઓએ રેલીમાં ભાગ લીધો હતો.

---

વડોદરા પોલીસને મોટી સફળતા મળી

# વડોદરામાં જૈન દેરાસરોને ટાર્ગેટ કરી કિંમતી સામાનની ચોરી કરતી ગેંગનાં પાંચ ઝડપાયા

। પ્રતિનિધિ, વડોદરા,તા.૪ ।

વડોદરા પોલીસને મોટી સફળતા મળી છે. શહેરમાં જૈન દેરાસરોને ટાર્ગેટ કરતી ટોળકીને પોલીસે ઝડપી પાડી છે. થોડા દિવસ પહેલા વડોદરાનાં કરજણ વિસ્તારમાં આવેલા જૈન દેરાસરમાં ચોરીની ઘટના બની હતી. આરોપીઓ દેરાસરમાંથી ચાંદીની મૂર્તિઓ, દાગીના સહિત અંદાજે રૂ. ૨૦ લાખની મતા ચોરી ગયા હતા. આ મામલે ઝડપી કાર્યવાહી કરી વડોદરા ગ્રામ્ય પોલીસે ૫ આરોપીની ધરપકડ કરી છે. આ સાથે અમદાવાદનાં જૈન દેરાસરમાં થયેલી ચોરીનો ભેદ પણ ઉકેલાયો છે.વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના કંડારીનાં રાજ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ પાસે આવેલા શાંતિનાથ દિગમ્બર જૈન દેરાસરમાં થોડા દિવસ પહેલા ચોરીની ચકચારી ઘટના બની હતી. આ ઘટનામાં આરોપીઓ દેરાસરમાંથી ચાંદીની મૂર્તિઓ, દાગીના સહિતના સામાનની અંદાજે ૨૦ લાખ રૂપિયાની ચોરી કરી ફરાર થયા હતા. આ મામલે ફરિયાદ થતા વડોદરા ગ્રામ્ય પોલીસે ઝણવટભરી તપાસ કરી દેરાસરને નિશાન બનાવતી ચોર ટોળકીનાં ૫ આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી પોલીસે કુલ ૧૫ લાખ ૬૦ હજાર રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ સાથે અમદાવાદનાં જૈન દેરાસરમાં થયેલ ચોરીનો ભેદ પણ ઉકેલાયો છે.વડોદરા ગ્રામ્ય પોલીસે ૫ આરોપીઓની ધરપકડ કરી છે.

---

## કલોલના ધમાસણામાં તસ્કરો ત્રાટક્યા ૯ લાખના દાગીનાની ચોરી કરી ફરાર

। પ્રતિનિધિ, કલોલ, તા.૪ ।

કલોલ તાલુકાના ધમાસણા ગામે તસ્કરો ત્રાટક્યા હતા તસ્કરોએ બે બંધ મકાનના તાળા તોડયા હતા અને અંદર જઈ તિજોરીમાં પડેલ સોના ચાંદીના દાગીના ની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા તસ્કરો કુલ રૂપિયા ૯,૩૦,૫૦૦ ના મુદ્દા માલની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરી તપાસ ચલાવી છે.આ અંગે મળતી માહિતી અનુસાર કલોલ પાસેના ધમાસણા ગામે આવેલા નારાયણ બંગલોમાં રહેતા જીતુભાઈ રમેશભાઈ વાઘેલા પોતાનું મકાન બંધ કરીને બહાર ગયા હતા ત્યારે કોઈ તસ્કરોએ તેમના બંધ મકાનના દરવાજાનું તાળું તોડયું હતું અને અંદર જઈને તિજોરીમાં પડેલા સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૩,૨૪,૪૦૦ ના માલમત્તાની ચોરી કરી હતી ત્યારબાદ તસ્કરોએ તેમના મામાના દિકરા કે જે આ સોસાયટીમાં રહે છે તે કિરણભાઈ અંબાલાલ ના ઘરમાં ચોરી કરી હતી તેઓએ તેમના બંધ મકાનનું તાળું તોડયું હતું અને અંદર પડેલ સોના ચાંદીના દાગીના કુલ રૂપિયા ૬ લાખ ૬ હજાર સો ની ચોરી કરી હતી.

---

## જુનાગઢમાં વિદ્યાર્થિનીને બ્લેકમેલ કરી બે યુવકે શરીરસંબંધ બાંધ્યા, એકની ધરપકડ

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૪ ।

જુનાગઢમાં એક ચોંકાવનારો બનાવ બન્યો છે. નોકરી અપાવવાની અને આર્થિક મદદ મેળવવાની લાલચ આપીને બે યુવકે એક અભ્યાસ કરતી યુવતી પર વારંવાર દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ દાખલ થઈ છે. આ કેસમાં જુનાગઢના મધુરમ વિસ્તારમાં રહેતા પ્રફુલ ઉર્ફે પ્રથમ વેગડા અને ડુંગરપુર ગામના ભરત ચાવડા વિરુદ્ધ જુનાગઢ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા આરોપી ભરત ચાવડાની ધરપકડ કરી લીધી છે, જ્યારે અન્ય આરોપી પ્રફુલ વેગડાને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ સમગ્ર મામલે પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

જુનાગઢના ડીવાયએસપી હિતેશ ધાંધલીએ જણાવ્યું હતું કે, ગઈકાલે સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૨૭ વર્ષીય ભોગ બનનાર યુવતીએ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી યુવતી જુનાગઢમાં રહીને અભ્યાસ કરી રહી હતી. વર્ષ ૨૦૨૩થી ૨૦૨૫ દરમિયાન જ્યારે તે હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી હતી, ત્યારે નોકરી માટે ફોર્મ સબમિશન અને આર્થિક જરૂરિયાતના કારણે નોકરીની જાહેરાત દ્વારા યુવતીનો સંપર્ક મધુરમમાં રહેતા પ્રફુલ ઉર્ફે પ્રથમ વેગડા સાથે થયો હતો.

આરોપી પ્રફુલ વેગડાએ યુવતીને આર્થિક મદદ કરવાની અને નોકરી આપવાની લાલચ આપીને સૌપ્રથમ મધુરમ ખાતે તેના ઘરે જઈ યુવતી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. શરીર સંબંધ બાંધ્યા બાદ પ્રફુલ યુવતીને વારંવાર બ્લેકમેલ કરી, તેના પરિવારને જાણ કરવાની ધમકી આપીને તેની મરજી વિરુદ્ધ શરીરસંબંધ બાંધતો રહ્યો હતો.ત્યારબાદ પ્રફુલ વેગડાના મિત્ર ડુંગરપુરના ભરત ચાવડાએ આ સંબંધોની જાણ યુવતીના પરિવારને કરી સમાજમાં બદનામ કરવાની ધમકી આપી બ્લેકમેલ કરી હતી.







## તંત્રી લેખ..

# ભારતનુ મહત્વ વધ્યુ

પહેલાની સરખામણીમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ખાસ કરીને કોરોના કાળમાં ભારતનું મહત્વ વધી ગયુ છે. ભારતે ૧૦૦ વર્ષની સૌથી મોટી મહામારીમાં જે રીતે કામગીરી કરી તેના કારણે દુનિયાના દેશો હેરાન છે અને ખુશ પણ છે. સાથે સાથે ઈસ્લામિક દેશોમાં પણ ભારતનુ મહત્વ વધ્યુ છે. ભારતનુ મહત્વ વધવા માટે કેટલાક કારણને જવાબદાર ગણવામાં આવે છે. વડાપ્રધાન તરીકે મોદીએ જવાબદારી સંભાળી લીધા બાદથી વર્ષ ૨૦૧૪ પછી ઈસ્લામિક દેશોમાં ભારતને લઈને વલણ બદલાયુ છે. મોદીએ તમામ ઈસ્લામિક દેશો સાથે નજીકના સંબંધ સ્થાપિત કર્યા છે. તેમને વિશ્વાસમાં લઈને મોદી આગળ વધી રહ્યા છે. આ ઉપરાંત મોદીએ તેમના લીડરો સાથે અંગત સંબંધ પણ સ્થાપિત કર્યા છે. આજ કારણ છે કે ઈસ્લામિક દેશો પણ ત્રાસવાદ સામેની લડાઈમાં ભારતની સાથે ઉભેલા દેખાય છે.વૈશ્વિક સ્તર પર ભારતની આજે પ્રતિષ્ઠા શુ છે તે બાબતની સાબિતી હાલમાં ઈસ્લામિક રાષ્ટ્રોની બેઠકમાં મળી ગઈ હતી. કોઈ સમય એવો હતો જ્યારે પાકિસ્તાનની બોલબાલા આમાં જોવા મળતી હતી. પાકિસ્તાને કોઈ સમય બેઠકમાં હાજરી ન આપવા માટેની માત્ર વાત કરીને ભારતની એન્ટ્રીને રોકાવી દીધી હતી. આજે સ્થિતી બદલાઈ ગઈ છે. આજે ઈસ્લામિક રાષ્ટ્રોમાં પણ પાકિસ્તાનનુ મહત્વ રહ્યુ નથી. જેની સાબિતી વર્તમાન બેઠકથી મળી ગઈ છે. ઈસ્લામિક રાષ્ટ્રોની બેઠકમાં ભારતને પ્રથમ વખત ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યુ હતુ. પાકિસ્તાનને આ અંગે જાણ થયા બાદ ભારતની એન્ટ્રી રોકવા માટે તમામ પ્રયાસો કર્યા હતા. અંગત સંબંધોની વાત પણ કરવામા આવી હતી. જો કે પાકિસ્તાનની કોઈ વાત ઈસ્લામિક દેશોએ સાંભળી ન હતી. પાકિસ્તાને ભારતની એન્ટ્રીને રોકવા માટે બેઠકનો બહિષ્કાર કરવાની ધમકી પણ આપી હતી. જો કે તેની કોઈ નોંધ લેવાઈ ન હતી.ઈસ્લામિક દેશોમાં ભારતના વધતા વિશ્વાસની બાબતને પણ આ હાજરી સાબિત કરે છે.પાકિસ્તાનના તમામ પ્રયાસો છતાં ઓઆઈસીની બેઠકમાં ભારતને આપવામાં આવેલું આમંત્રણ રદ કરવામાં આવ્યું ન હતું. મોદી સતત બીજી અવધિ માટે પ્રચંડ બહુમતિ સાથે ચૂંટાઈ આવ્યા બાદ ત્રણ વર્ષ પછી આગામી દિવસોમાં ઈસ્લામિક દેશો સાથે તેમના સંબંધ વધારે મજબુત રહેનાર છે. મલેશિયા સહિતના દેશો ભારત સાથે વેપાર કારોબારને વધારી દેવા માટે તૈયાર છે. સાઉદી દ્વારા જે રીતે મંદિરના મામલે ભારતની વાત સ્વીકારી હતી. તે બાબત પણ ભારતના કદને સાબિત કરે છે. સાઉદીમાં રહેતા ભારતીય લોકોની સુરક્ષા અને અન્ય પાસાઓને લઈને પણ હવે આ દેશો વધારે સારા પગલા લઈ રહ્યા છે. ભારતીય નાગરિકો માટે નોકરીના માહોલને સરળ બનાવી રહ્યા છે. સાથે સાથે અપરાધીઓને લઈને પણ ભારતની પુરતી મદદ આ ઈસ્લામિક દેશો દ્વારા કરવામાં આવી રહી છે. આ તમામ બાબતો સાબિત કરે છે કે ભારત હવે ઈસ્લામિક દેશોમાં પણ તેના પ્રભાવને વધારી દેવા માટે કટિબદ્ધ છે.

# વાયરલ ફિવર વાયરસ વધુ તાકતવર

હાલના દિવસોમાં વાયરલ ફિવરના વાયરસ વધારે શક્તિશાળી બની રહ્યા છે. જેના કારણે તેની સારવાર બાદ પણ વ્યક્તિને સ્વસ્થ થવામાં વધારે સમય લાગી રહ્યો છે. તબીબો પણ આ બાબતની કબુલાત કરી રહ્યા છે. એમ તો સામાન્ય રીતે બદલાતી સિઝનમાં વાયરલ બિમારી પોતાની રીતે જ ઠીક થઈ જાય છે. પરંતુ તબીબોની બાબતમાં વિશ્વાસ કરવામાં આવે તો કેટલાક દર્દી ૩-૪ દિવસબાદ પણ સ્વસ્થ થઈ રહ્યા નથી. આ સંબંધમાં પુછવામાં આવતા ગંગારામ હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબો કહે છે કે ફિવર ગળામાં પીડા અને વાયરલના બીજા લક્ષણોના કારણે કોઈ એક નહીં બલ્કે એક કરતા વધારે વાયરસ હોય છે. આ બાબતની આશંકા વધારે રહેલી છે કે આ વખતના વાયરલ ઈન્ફલુએન્ઝા એ વાયરસના કારણે વધારે થાય છે. આ વાયરસ ખુબ જ ખતરનાક, ગંભીર અને પ્રભાવી છે. આ વાયરસના કારણે દર્દીઓમાં ફિવર વહેલી તકે ઠીક ન થતા તેની ચર્ચા જોવા મળી રહી છે. તબીબોની વાત પણ વિશ્વાસ કરવામાં આવે તો બાળકો, મોટી વયના લોકો વધારે સાવધાન રહે તે જરૂરી છે. નીંદ પુરી ન થવાની સ્થિતીમાં પણ વાયરલ બિમારી થઈ શકે છે. ૩-૪ દિવસ સુધી તાવ ઠીક ન થાય તો તરત જ તબીબોની પાસે પહોંચી જઈને માહિતી મેળવી જોઈએ. સાથે સાથે તબીબોના સુચન મુજબના રિપોર્ટ કઢાવવા જોઈએ. સામાન્ય રીતે તો જે લોકોને વધારે જોખમ રહે છે તે લોકોને વેક્સીન લેવાની જરૂર હોય છે. વાયરલ ફિવરની અસર તેના રોગના આધાર પર થાય તે જરૂરી છે. દિલ્હી અને એનસીઆર જેવા વિસ્તારોમાં વાયુ પ્રદુષણ વાયરલ બિમારી ફેલાવી દેવામાં ભૂમિકા અદા કરે છે. વાયરલના અનેક લક્ષણો રહેલા છે. જેમાં સામાન્ય રીતે રોગની માહિતી મળી જાય છે. જેમ કે વાયરલના લક્ષણોમાં સૌથી પહેલા તો તાવની અસર જોવા મળે છે. ગળામાં દુખાવો પણ રહે છે. ડાયરિયા અને ઉલ્ટી થવાના કેસો બને છે. પેટમાં દુખાવો પણ રહે છે. તબીબોની વાત પણ વિશ્વાસ કરવામા આવે તો બાળકો, મોટી વયના લોકોમાં ડાયાબિટીસ અને હાર્ટના દર્દીઓને વધારે સાવધાની રાખવાની જરૂર હોય છે. આ વાયરસ બેની જેમ માનવીના શરીરમાં પ્રવેશ કરી જાય છે. એક તો હવા મારફતે બીજા વાયરસ ઈન્ફેક્શન ગ્રસ્ત ભોજન અથવા તો પાણીના કારણે થાય છે. કોમન કોલ્ડ, ફલુ અને શ્વાસ સાથે જોડાયેલા અન્ય કેટલાક રોગ પણ ઈન્ફેક્શન હવાના કારણે ફેલાય છે. જ્યારે કોઈ વ્યક્તિ ખાંસી ખાય છે અને છીંકો ખાય છે ત્યારે હવામાં વાયરસ ફેલાઈ જાય છે. જ્યારે કોઈ વ્યક્તિ એ ઈન્ફેક્શનગ્રસ્ત હવાને શ્વાસ મારફતે શરીરની અંદર લે છે ત્યારે તે શરીરમાં અંદર પ્રવેશ કરી જાય છે.



### કોરોનાકાળથી બોધપાઠ લઇને પ્રાથમિકતા આપવાની જરૂર છે....

**આરોગ્યને પ્રાથમિકતા આપી દેવાની જરૂર છે જુદી જુદી જીવલેણ બિમારીને રોકવા માટે પગલા જરૂરી છે કોરોના વાયરસના કારણે અનેક નવી બાબતો સપાટી પર આવી રહી છે જેનાથી શીખીને આગળ વધવાની જરૂર છે**


# તબીબી સાધન પર ખાસ ધ્યાન જરૂરી

**કોરોના સહિત જુદા જુદા જીવલેણ રોગની સારવાર ઝડપથી શક્ય બની શકે તે પ્રમાણમાં પુરતા ટેસ્ટ સાધનો, દવા તૈયાર કરવાની જરૂર છે**

આરોગ્યના ક્ષેત્રમાં વધુ ઝડપથી કામ કરવાની જરૂર છે. કોરોના વાયરસના કારણે એક બાબત તો ઉભરીને આવી ચુકી છે કે ભારતમાં મર્યાદિત તબીબો સાધનો રહેલા છે. આ સાધનોને વધુ પ્રમાણમાં અતિ ઝડપથી વિકસિત કરવાની જરૂર દેખાઈ રહી છે. કોરોના બાદ હવે દુનિયાના દેશો આરોગ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા લાગી ગયા છે. અમેરિકા સહિતના દેશો આના પર વધારે ધ્યાન આપી રહ્યા ન હતા. પરંતુ હવે સ્થિતી બદલાઈ ગઈ છે. કોરોના જેવી જીવલેણ બિમારી અને અન્ય તકલીફોની સારવાર ઝડપથી શક્ય બને તેવી સ્થિતી રહેલી છે. આરોગ્યને પ્રાથમિકતા આપી દેવાની જરૂર છે. જુદી જુદી જીવલેણ બિમારીને રોકવા માટે પગલા જરૂરી છે. કોરોના વાયરસના કારણે અનેક નવી બાબતો સપાટી પર આવી રહી છે. જેનાથી શીખીને આગળ વધવાની જરૂર છે. વધુ પ્રમાણમાં ટેસ્ટ વ્યવસ્થા માટે લેબ, હોસ્પિટલો અને અન્ય સુવિધા વિકસિત કરવાની જરૂરછે. તબીબોને યોગ્ય ટ્રેનિંગની પણ જરૂર છે. વધુ પ્રમાણમાં તબીબોની જરૂરીયાત દેખાઈ રહી છે. આરોગ્ય ક્ષેત્રને મોદી સરકાર આવ્યા બાદ વધુ ધ્યાન આપીને નાણાં આપી રહી છે પરંતુ જે રીતે કોરાના



કારણે સ્થિતી ઉભી થઈ છે તે જોતા સર્વોચ્ચ ધ્યાન હવે આરોગ્ય પર આપવામાં આવે તે જરૂરી છે. આવનાર સમયમાં પણ તબીબી ચીજવસ્તુઓને વધુ સસ્તી બનાવવામાં આવે તે દિશામાં પહેલ થઈ રહી છે. સસ્તા વિકલ્પો કયા છે તે ઉપર સતત વિચારણા ચાલી રહી છે. મેડિકલના સાધનો અને દવાઓને લઈને ઘણા સમયથી ચર્ચા છે કે આ તમામને ગરીબ અને મધ્યમવર્ગના લોકોને પોષાય તે સ્તરે લાવવામાં આવે અને આ દિશામાં ઘણી પહેલ પણ થઈ ચુકી છે. હવે સરકાર તબીબી સાધનની કિંમતોને મર્યાદિત કરે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. આ તમામ બાબતોની નોંધ લઈને હવે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈઝીંગ ઓથોરિટીએ જ્હોનસન એન્ડ જ્હોન્સન, જીમમેર અને સ્ટ્રેકર જેવી મહાકાય કંપનીઓને કેટલીક સ્પષ્ટ સૂચનાઓ આપી દીધી છે. આ સૂચનાઓને પાળવાની દિશામાં કંપનીઓ આગળ પણ આવી રહી છે. સામાન્ય લોકોને પોષાય તે કિંમતે તબીબી સુવિધા મળે તે દિશામાં પણ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. વર્તમાન સમયમાં આ પ્રકારના તબીબી સાધનો પર કોઈ પણ કિંમત મર્યાદા નક્કી કરવામાં આવી નથી. આનો મતલબ એ થયો કે જુદી જુદી હોસ્પિટલો દ્વારા જુદા જુદા ચાર્જ લેવામાં આવે છે. પરિસ્થિતિ મુજબ લાભ ઉઠાવવામાં આવે છે. પરંતુ હવે એમપીપીએ દ્વારા કમર કસી લેવામાં આવી છે અને કહેવામાં આવ્યુ છે કે કંપનીઓને છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં તેમના દ્વારા અમલી કરવામાં આવેલી કિંમતોમાં વધારાની તમામ માહિતી આપવામાં આવે. સરકારે પણ કાર્ડિયાક સ્ટેન અને ઈમ્પ્લાન્ટ જેવા તબીબી સાધનો માટે ભાવ મર્યાદા નક્કી કરવાની દિશામાં પહેલ કરી છે. કારણ કે આ પ્રકારની ચીજવસ્તુઓ ખૂબ મોંઘી પડે છે. સરકાર એવી ખાતરી કરવા પણ ઈચ્છે છે કે આ સાધનમાં કિંમતમાં વધારો વાર્ષિકરીતે ૧૦ ટકાથી પણ ઓછો હોવો જોઈએ. ઉપરાંત આ સાધનો ડ્રગ્સ એન્ડ કોસ્પમેટિક એક્ટ હેઠળ આવી જવા જોઈએ. આ બિમારીઓની દવાઓ પણ ભાવ નિયંત્રણ હેઠળ આવવી જોઈએ. માત્ર ૧૦ ટકાથી વિશેષ વધારે ઝુકવાની સ્થિતિમાં કંપનીઓ સામે પગલા લેવામાં આવે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. ભારતમાં સામાન્યરીતે હીપ અને ઘૂટણના ઈમ્પ્લાન્ટનો ખર્ચ સરેરાશ ૫૦થી ૯૦ હજારની આસપાસ આવે છે. આમાં પણ ઉપયોગ કરવામાં આવેલા ઈમ્પ્લાન્ટના ટાઈપ ઉપર આ બાબત આધારિત રહે છે. ઈમ્પ્લાન્ટ કિંમતી અને સસ્તા તેના પણ વિકલ્પ રહે છે. આ બાબત નોંધનીય છે કે ભારતમા બીજી વખત એનપીપીએ દ્વારા મહત્તમ રિટેલ કિંમતો અથવા તો એમઆરપી જેવા ડેટા આપવા મેડિકલ સાધનો બનાવતી કંપનીઓને સૂચના આપવામાં આવી છે.



### નાગરિકોને શ્વાસ લેવા માટે સ્વચ્છ હવા આપવાનો પડકાર છે

**વાયુ પ્રદુષણની સાથે લોસએન્જલસની આ લાંબી લડાઇની માત્ર શરૂઆત હતી શહેરમાં વાયુ પ્રદુષણ તેની ભૌગોલિક સ્થિતીના કારણને પણ વધી જાય છે તેના ઉત્તર અને પૂર્વમાં સ્થિત પહાડોના કારણે વાતાવરણમાં એક પ્રકારની સપાટી ઉભી કરી નાંખે છે**

# વાયુ પ્રદુષણ સંકટનો પણ ઉકેલ છે

**જો અમેરિકાના અનુભવને લઇને શીખી શકીશુ તો જે સિદ્ધી હાંસલ કરવામાં ૪૦ વર્ષ લાગ્યા તેને ઓછા સમયમાં હાંસલ કરી શકાશે**

બીજા વિશ્વ યુદ્ધના ગાળા દરમિયાન વર્ષ ૧૯૪૩માં એક દિવસે સવારે લોસએન્જલસમાં લોકો ઉઠ્યા ત્યારે તેમની આંખોમાં બળતરા થઈ રહ્યા હતા. હવામાં બ્લીચની અસર જોવા મળી રહી હતી. નજર એટલી કમજોર પડી ગઈ હતી કે કેટલાક દુરના બ્લોક જ દેખાઈ રહ્યા હતા. કેટલાક લોકોને એ વખતે લાગ્યુ હતુ કે શહેર પર હુમલો કરવામાં આવી ચુક્યો છે. ટુંક સમયમાં જ સ્પષ્ટતા કરવામાં આવી કે કોઈ બહારના તત્વના કારણે નહીં બલ્કે કારખાના અને વાહનોના કારણે આ ધુમાડાની અસર જોવા મળી રહી છે. વાયુ પ્રદુષણની સાથે લોસએન્જલસની આ લાંબી લડાઈની માત્ર શરૂઆત હતી. શહેરમાં વાયુ પ્રદુષણ તેની ભૌગોલિક સ્થિતીના કારણને પણ વધી જાય છે. તેના ઉત્તર અને પૂર્વમાં સ્થિત પહાડોના કારણે વાતાવરણમાં એક પ્રકારની સપાટી ઉભી કરી નાંખે છે. જે પ્રદુષણને પોતાની અંદર આવરી લે છે. જો કે તેની પ્રકૃતિ અલગ પ્રકારની રહેલી હતી. વર્ષ ૧૯૪૮માં આવા જ પ્રકારના પ્રદુષણના કારણે પેનસિનલ્વેનિયાના નાના શહેર ડોનોરામાં ૨૦ લોકોના મોત થઈ ગયા હતા. સાથે સાથે આ શહેરની વસ્તી પૈકી અડધી વસ્તી બિમાર થઈ ગઈ હતી. આવી જ રીતે વર્ષ ૧૯૫૩માં છ દિવસ સુધી ન્યુયોર્ક શહેરમાં ટકી ગયેલા સ્મોગના કારણે ૨૩૦ લોકોના મોત થઈ ગયા હતા. દુષિત હવાના કારણે અમેરિકામાં પહેલાથી



જ લોકોના મોત થઈ રહ્યા હતા. પરંતુ વર્ષ ૧૯૫૫માં યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાએ તેના પ્રથમ બંધારણીય વાયુ પ્રદુષણ કાનુન પસાર કરીને નવી લડાઈની શરૂઆત કરી હતી. ત્યારબાદ કોંગ્રેસે ૧૯૭૦માં ક્લીન એર એક્ટ બનાવવામાં ૧૫ વર્ષ બીજા લાગી ગયા હતા. ત્યારબાદ બાજ નજર અને સાવચેતીના પગલા લેવામાં આવ્યા હતા. પરિણામે ૧૯૭૦થી લઈને ૨૦૧૭ સુધી છ સામાન્ય પ્રદુષક તત્વોના કુલ રાષ્ટ્રીય ઉત્સર્જન સરેરાશ ૭૩ ટકા ઘટી જતા તેના સારા પરિણામ હાથ લાગ્યા હતા. આજે અમેરિકા કેટલાક એવા દેશોમાં સામેલ છે જ્યાં હવા દુનિયામાં સૌથી વધારે સ્વચ્છ છે. સમય લાગ્યો પરંતુ એક સાર્થક પરિવર્તનની દિશામાં પગલુ લેવાયુ હતુ. આજે ભારત એજ પડકાર અને સમસ્યાનો સામનો કરે છે જે સમસ્યાનો સામનો અમેરિકાએ ભુતકાળમાં કર્યો હતો. જો ભારત અમેરિકાના અનુભવને લઈને શીખે છે તો તેને ફાયદો થઈ શકે છે. ભારતમાં અમેરિકાના રાજદુત કેનેથ જસ્ટરે કહ્યુ છે કે જે સિદ્ધી હાંસલ કરવામાં અમને ૪૦ વર્ષ લાગ્યા તેને હાંસલ કરવામાં ભારત ઓછા સમયમાં સમસ્યાનો ઉકેલ શોધી શકે છે. માત્ર ઈચ્છાશક્તિ એટલી રાખવી પડશે કે અમને અમારા નાગરિકોને સ્વચ્છ હવા આપવાની છે. મજબુત ઈચ્છાશક્તિ વગર આ સમસ્યા અને પડકારને પાર પાડી શકાશે નહીં. અમે જે બોધપાઠ લઈ ચુક્યા છીએ તે નાના હતા. સૌથી પહેલા તો વૈજ્ઞાનિક સમજદારી વિકસિત કરવાની જરૂર છે. વાયુ પ્રદુષણ કેમ થાય છે તે સમજી લેવાની જરૂર છે. સ્વચ્છ વાયુ બનાવવા કાનુન કઈ રીતે તૈયાર કરવામાં આવે. ટેકનોલોજી પણ આ જ રીતે વિકસિત કરવામાં આવે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ એક લાંબા ગાળાના પડકાર તરીકે છે જેથી આયોજન પણ જરૂરી છે. લોસ એન્જલસના આધાર પર બોધપાઠ લઈ શકાય છે. હવાને સ્વચ્છ કરવાના પ્રયાસો અવિરત જારી રાખવામાં આવી રહ્યા છે. જાણકાર લોકો કહે છે કે સ્વચ્છ હવાના આર્થિક લાભ માત્ર સારા આરોગ્ય અને ઉત્પાદકતા સુધી મર્યાદિત નથી. સ્વચ્છ હવા પેદાશમાં પણ વધારો કરે છે. જેના કારણે ખેડુતો અને વન્ય કર્મચારીઓને ફાયદો થાય છે. તે પ્રવાસ અને મનોરંજન તેમજ સ્વસ્થ જીવન માટે પણ પ્રોત્સાહન આપે છે. ઈપીએના તાજેતરના એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્વચ્છ હવા જુદી જુદી રીતે રીતે સીધો ફાયદો કરાવે છે. લોસએન્જલસની હવાની ગુણવત્તા હાલના વર્ષોમાં જે રીતે બગડી ગઈ છે તેના પર વૈજ્ઞાનિક રીતે પૂર્ણ રીતે અંકુશ મુકવાની બાબત સરળ નથી. છતાં હવાની ગુણવત્તા પર નજર રાખવામાં આવી રહી છે. સાથે સાથે આ પડકારને પહોચી વળવાના તમામ પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. એવી ધારણા પણ રહેલી છે કે વાયુ પ્રદુષણને ઘટાડી દેવાથી આર્થિક વૃદ્ધિ પર પ્રહાર થાય છે. અમારા અનુભવ આને સમર્થન આપતા નથી. અમેરિકાના સવારી વાહનો વર્ષ ૧૯૬૦ના દશકની કારની તુલનામાં ૯૮થી ૯૯ ટકા વધારે સ્વચ્છ છે. અને હવાની ગુણવત્તામાં સુધારો થઈ રહ્યો છે. જ્યારે પહેલા કરતા વધારે લોકો આજે વાહનો ચલાવી રહ્યા છે. અમેરિકામાં લેવામાં આવી રહેલા પગલાના કારણે કાર અને અન્ય વાહનોના કારણે થનાર પ્રદુષણમાં પણ ઘટાડો થઈ રહ્યો છે.

### પ્રવાહી સ્થિતી વચ્ચે મ્યુચ્યુઅલ ફંડ । ચિંતા : ઉથલપાથલ વચ્ચે રોકાણ ક્યાં કરાય તેની ચિંતા સૌથી મોટી

# મ્યુચ્યુઅલ ફંડ યોગ્ય છે કે કેમ તે અંગેનો ફેસલો તો એ દરેક રોકાણકાર કરી શકે છે જે જોખમ ઉઠાવવાની પોતાની ક્ષમતાને ઓળખી કાઢે છે

મુડીરોકાણકારોની સામે હાલના સમયમાં સામાન્ય રીતે પ્રશ્ન એ થાય છે કે તે પોતાના નાણાંનુ રોકાણ તે ક્યાં કરે જેના કારણે તેની સંપત્તિમાં વધારો થઈ શકે. રિયલ એસ્ટેટમાં કોઈ દમ રહ્યો નથી. શેરબજારમાં પણ હાલમાં પ્રવાહી સ્થિતી પ્રવર્તી રહી છે. કારોબારી વધારે રોકાણ કરવા માટે હિમ્મત કરી રહ્યા નથી. ખરાબ સમયના સાથી તરીકે ગણાતા સોનાની સપાટી હવે એવા સ્તર પર પહોંચી ગઈ છે જ્યાંથી તેની કિંમતમાં ઘટાડો થવાની જ આશંકા વધારે દેખાઈ રહી છે.

ફિક્સ્ડ ડિપોઝીટના દરો પણ હાલમાં આકર્ષિત રહ્યા નથી. સાથે સાથે પાકતી રકમ પર ટેક્સ પણ લાગુ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં માત્ર મ્યુચ્યુઅલ ફંડ જ રહી જાય છે. જેનો પ્રચાર હાલમાં જોરદાર રીતે કરવામાં આવી રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ સહી હે તે સ્લોગન હાલમાં ચારેબાજુ જોવા મળે છે. મોટા ભાગના લોકો એમ વિચારીને મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં લગાવી




